# 1308E223

Candidate's Seat No :__________

**B.Ed. (Sem.-III) Examination**

**B-101 - Gujarati**

**(ગુજરાતી વિષયવસ્તુ)**

**Time : 2-00 Hours]** **August 2021** **[Max. Marks : 50**

**સૂચના :** (૧) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

**વિભાગ-૧**

૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો : ૫૦

(૧) કવિ હિન્દને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે?
(અ) વેદોની (બ) કૃષ્ણની (ક) દેવોની (ડ) પુણ્યની

(૨) દુકાનદારને યુવકનો કયો ગુણ સ્પર્શી ગયો?
(અ) સ્વનચ્છતાનો (બ) નમ્રતાનો (ક) ખુમારીનો (ડ) વફાદારીનો

(૩) દ્વિદલ પાઠનાં લેખક કોણ છે?
(અ) કુમારપાલ દેસાઈ (બ) ઉમાશંકર જોશી (ક) ઉશનસ્ (ડ) આઈ. કે. વીજળીવાળા

(૪) રવિશંકર વ્યાસને 'મહારાજ'નું બિરુદ કોણે આપ્યુ ?
(અ) લોકોએ (બ) બ્રાહ્મણોએ (ક) બહારવટીયાઓ (ડ) રાજાએ

(૫) નીચેનામાંથી મૂકસેવક તરીકે કોણ ઓળખાય છે?
(અ) સરદાર પટેલ (બ) ગાંધીજી (ક) રવિશંકર મહારાજ (ડ) દર્શક

(૬) વરસાદ આવતાં કિલ્લોલ કોણ કરે છે?
(અ) ચકલીઓ (બ) પંખીઓ (ક) કુંજડિઓ (ડ) મોર

(૭) 'કપાળમાં ઉગે વાળતો ભાલમાં ઉગે ઝાડ' આ કહેવત કયા પાઠમાં વપરાઈ છે?
(અ) બિરબલની યુક્તિ (બ) પાદર (ક) લેખણ ઝાલી ન રહી (ડ) ભીખુ

(૮) કવિ સંતબાલના મતે જીવનપંથ કેવો છે?
(અ) કંટકછાયો (બ) મજાનો (ક) દુર્ગમ (ડ) સરળ

(૯) 'આલાલીલા વાંસળિયા' કાવ્યનો પ્રકાર જણાવો.
(અ) લોકગીત (બ) કથાકાવ્ય (ક) ગરબો (ડ) ગીત

(૧૦) ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગયા ત્યારે 'સાગર પીનાર અંજલિ ન ઢોળજો બાપુ' આ ગીત કોણે ગાયું હતું?
(અ) હેમંત ચૌહાણ (બ) ઝવેરચંદ મેઘાણી (ક) પ્રફુલ દવે (ડ) હેમુ ગઢવી

(૧૧) કાવ્યમાં સખી કેવાં વાંસ વઢાવવાનું કહે છે?
(અ) આલાલીલા (બ) સુકાઈ ગયેલા (ક) બહુ ઊંચા (ડ) બહુ ફાલેલા

(૧૨) પરીક્ષા પાઠમાં 'વિદ્યાધિકારી' એટલે કોણ?
(અ) પંડિત (બ) શિક્ષણના અધિકારી (ક) સરકારી અધિકારી (ડ) મહેસૂલ અધિકારી

(૧૩) 'જે ન જોઈતું હોય છતાં વધારે મળે છે માટે તે વાપરવું' આ કરવામાં ગાંધીજી શું જોતા હતા?
(અ) અહિંસા (બ) સત્યપણું (ક) અપરિગ્રહ (ડ) હિંસા

(૧૪) લીલાશ કોના આવવાથી મેદાનમાં આવશે?
(અ) વાછંટના (બ) મોરના (ક) વાયરાના (ડ) વરસાદના

(૧૫) ભીખું પાઠમાં વપરાયેલ શબ્દ 'માણસનો ઠઠારો' એટલે.......
(અ) ભીડ (બ) ધક્કામૂકી (ક) મેળો (ડ) ઝગમગાટ

[P.T.O.

(૧૬) ‘જીવન પાથેય’ પાઠના લેખક કોણ છે?

(અ) દર્શક (બ) ધૂમકેતુ (ક) ઉમાશંકર જોષી (ડ) કાકાસાહેબ કાલેલકર

(૧૭) ‘માલમ મોટા હલેસા તું મારે’ આ વાક્ય કોણ બોલે છે?

(અ) દિયર (બ) નાવિક (ક) ભાભી (ડ) કવિ

(૧૮) ‘બાનો વાડો’ પાઠનો પ્રકાર જણાવો.

(અ) વાર્તા (બ) નિબંધ (ક) એકાંકી (ડ) આત્મકથા

(૧૯) અખબારી યાદીને અંગ્રેજીમાં શું કહે છે?

(અ) ન્યુઝ (બ) પ્રેસનોટ (ક) પ્રેસ ન્યૂઝ (ડ) નોટબુક

(૨૦) ‘આવ ભાણા આવે’ પાઠનો પ્રકાર જણાવો.

(અ) હાસ્યકથા (બ) કરુણકથા (ક) અદ્‌ભૂતકથા (ડ) રહસ્ય કથા

(૨૧) હરિહર ભટ્ટ ઈશ્વર પાસે શું માગે છે?

(અ) જીંદગી (બ) આભઅટારી (ક) ધનસંપતિ (ડ) ચિનગારી

(૨૨) વેણુનો પગ શેમાં આવી ગયો હતો?

(અ) કાદવના ખાડામાં (બ) રેલવેના ફાટકમાં (ક) બસના પૈડી નીચે (ડ) ઝાડના થડ નીચે

(૨૩) ‘તને ઓળખું છું મા’ કાવ્યમાં કવિ કોને તીર્થ સમાન ગણે છે?

(અ) જાત્રાના સ્થળને (બ) કુળદેવીને (ક) માતાના ખોળાને (ડ) માતાના સસ્મરણોને

(૨૪) ગાંધીનગર કેવા સિટી તરીકે જાણીતું છે?

(અ) બ્લ્યૂસિટી (બ) બિગસિટી (ક) ગ્રીનસિટી (ડ) સુપરસિટી

(૨૫) ‘ધૂળિયે મારગ’ કાવ્યનો પ્રકાર જણાવો.

(અ) ગઝલ (બ) ભજન (ક) ઉર્મિગીત (ડ) ખંડકાવ્ય

(૨૬) શેઠ જગડુશા ક્યાંના વતની હતા?

(અ) પાટણ (બ) કચ્છ (ક) અમદાવાદ (ડ) ગોહિલવાડ

(૨૭) ‘એલા મે’માનને કોઈ છાંટશો મા!’ - આ વાક્યમાં કયો ભાવ રજૂ થયો છે?

(અ) મર્મ (બ) ઉપેક્ષા (ક) દયા (ડ) લાગણી

(૨૮) ખૂટતા અઢીઆના લેખકને કોની પાસેથી મળ્યા?

(અ) આશ્રમના સાધુ પાસેથી (બ) દુકાનદાર પાસેથી

(ક) ધનિક શેઠ પાસેથી (ડ) ફળના ટોપલાવાળા પાસેથી

(૨૯) ‘હરિ હળધરનો વીરો’ એટલે કોનો ભાઈ?

(અ) બલરામનો (બ) અર્જુનનો (ક) દુર્યોધનનો (ડ) અભિમન્યુનો

(૩૦) ‘ગુર્જરીના ગૃહ કુંજે’ કાવ્ય કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે?

(અ) યાત્રા (બ) વસુધા (ક) કાવ્યમંગલા (ડ) વરદા

(૩૧) અમરત કાકી મંગુની નાતમાં વટલાઈ ગયા હતો - એટલે કે -

(અ) અમરત કાકીએ ધર્માંતરણ કર્યું હતું

(બ) અમરત કાકી મંગુની જેમ ગાંડા થઈ ગયાં હતા

(ક) અમરત કાકી મૃત્યુ પામ્યા હતા

(ડ) અમરત કાકીને મંગુનું સપનું આવ્યું હતું

(૩૧) દુનિયાને કઈ રીતે બદલી શકાય?

(અ) ખુબજ મહેનત કરીને (બ) છાપાંને ભીંત પર ચોંટાડીને

(ક) કામ કર્યા વગર (ડ) આરામ કરીને

(૩૨) બકુલ ક્ષિપાઠીના મતે ભારત દેશમાં આપણે કઈ નવી સંસ્કૃતિ વિકસાવી છે?
(અ) શ્રીરામ, શ્રીકૃષ્ણ અને ભગવાન બુદ્ધની સંસ્કૃતિ
(બ) પુરાણા મંદિરો, સ્થાપત્યો અને સ્તૂપોની સંસ્કૃતિ
(ક) છાલ, છોતરાં અને ગોટલાની સંસ્કૃતિ
(ડ) વેદ, પુરાણો અને ઉપનિષદની સંસ્કૃતિ

(૩૩) 'ઘરની અગાસીનું ખુલ્લુ આકાશે' વાક્યનો ભાવાર્થ.....
(અ) સ્વચ્છંદીપણું, તડ અને ફડ (બ) ઘર, અગાસી અને ખુલ્લુ આકાશ
(ક) બંધન, ગુલામી અને તિરસ્કાર (ડ) સન્માન, સ્વતંત્રતા અને સ્વીકાર

(૩૪) નીચેનામાંથી કયું વાક્ય બંધ બેસતું નથી?
(અ) વિકૃતિ એટલે સહજ સ્વભાવ
(બ) પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ
(ક) સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું
(ડ) વિકૃતિ એટલે સહજ સ્વભાવથી નીચે પડવું

(૩૫) 'મરજીવિયા' કાવ્ય કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે?
(અ) ધ્વનિ (બ) પ્રભાતગીત (ક) ગુર્જરી (ડ) પારિજાત

(૬૬) દુનિયાથી દિલના ચાર છેડા ભરી જવાના! એટલે....
(અ) જગતના લોકોનો પ્રેમ પ્રાપ્ત કરી જવાના
(બ) જગતના લોકોનો સાથ છોડી જવાના
(ક) દુનિયાના લોકો દિલ વગરના
(ડ) દિલને ચારેય છેડેથી મારવાની વાત છે.

(૭૭) નીચેનામાંથી કયું પાત્ર 'કુદરતી' માં આવતું નથી?
(અ) કૃપાશંકર (બ) દેવશંકર (ક) હરિલાલ (ડ) બાબુ

(૩૮) અરુણિમા કઈ રમતની રાષ્ટ્રકક્ષાની રમતવીર હતી?
(અ) કબડ્ડી (બ) વૉલીબોલ (ક) બેડમિંટન (ડ) ક્રિકેટ

(૩૯) નાનજીભાઈ કયા ગુણોને લીધે મહાન ઉદ્યોગપતિ બન્યા?
(અ) સખત પરિશ્રમ અને અડગ આત્મશ્રદ્ધા (બ) ખુબ જ સંયતિને લીધે
(ક) સહી ઓળખાનને લીધે (ડ) વિવેકને કારણે

(૪૦) નીચેનામાંથી કયું વિધાન તેજમલને લાગુ પડતું નથી?
(અ) હૈયે હિંમત રાખો દાદા અમે વહારે ચડશુ રે
(બ) હાથના ત્રાજવાં દાદા બાંયલડીમાં રહેશે રે
(ક) તેજમલ સૌ સાથીડાની પાછળ રહ્યા
(ડ) પગનાં ત્રજવા દાદા મોજડિયુંમાં રહેશે રે

(૪૧) નીચેનામાંથી કયું લક્ષણ વૈષ્ણવજનનું નથી.
(અ) સમદૃષ્ટિ (બ) તૃષ્ણાત્યાગી (ક) દૃઢવૈરાગ્ય (ડ) મિથ્યાવચન

(૪૨) 'પાત્ર-ઉક્તિ' પ્રમાણે નીચેનામાંથી કયું જોડકું યોગ્ય નથી?
(અ) મંજુકાકી - તમારા ભેજામાં ક્યાંથી આ ભુસું ભરાયું છે?
(બ) અંકિતા - તમારા લોકોનું સપનું હું પૂરું ન કરી શક્યો.
(ક) વિનુકાકા - અત્યારથી પંપાળશો તો ભવિષ્યમાં કરશે શું?
(ડ) નીનાબહેન - પણ કોણ જાણે મને મનમાં ઊંડેઊંડે ખોટું લાગે છે.

PTO

(૪૩) 'હવે એ હાથ દે' વાક્યનો ભાવાર્થ.....

(અ) હાથમાં મેંદી રચે છે. (બ) પિતાની ટેકણલાકડી બને છે દીકરી.

(ક) એ કોઈના પર હાથ ઉપાડે છે. (ડ) એ ના પાડે છે.

(૪૪) ઘરમાં કોની હાજરી શીતળતા અને સુગંધ અર્પે છે?

(અ) પુત્રવધુની (બ) દીકરીની (ક) માતાની (ડ) દીકરાની

(૪૫) 'વાઈરસ ઈન્ફેક્શન' કયા પ્રકારની કૃતિ ગણાય?

(અ) હળવો નિબંધ (બ) લલિત નિબંધ (ક) આત્મકથા નિબંધ (ડ) ચિંતનાત્મક નિબંધ

(૪૬) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કઈ નદીનો ઉલ્લેખ થયો છે?

(અ) શેત્રુંજી (બ) કાળુભાર (ક) તાપી (ડ) નર્મદા

(૪૭) 'છત્રી તમારી પાસે ટકી રહે એવો ઉપાય તમારે જ શોધી કાઢવો પડે.' આ વાક્ય કોણ કોને કહે છે?

(અ) લેખક પત્ની લેખકને (બ) દુકાનદાર લેખકને

(ક) લેખક દુકાનદારને (ડ) લેખકને તેમનો મિત્ર

(૪૮) સોનેટ કાવ્યમાં કેટલી પંક્તિઓ હોય છે?

(અ) બાર (બ) ચૌદ (ક) સોળ (ડ) અઢાર

(૪૯) જીવલાની કરુણ દશા જોઈને.....

(અ) લેખક રાજી થયા (બ) લેખકનું હૃદય દ્રવી ઊઠ્યું

(ક) લેખક હસવા લાગ્યા (ડ) લેખકને કશી જ અસર ન થઈ.

(૫૦) નીચેનામાંથી કયું પાત્ર 'જન્મોત્સવ' વાર્તામાં આવતું નથી?

(અ) મુખિયાજી (બ) વૃંદાવનદાસ (ક) ડુંગર (ડ) વેલજી ડોહા.

---